eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 229
May 21, 2010

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં તા.૧૫/૦૫/૨૦૧૦ના રોજ રૂંઢ તથા મગદલ્લા ગામતળમાં પાણી પુરવઠા યોજનાની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા ઝોન ખાતે રૂંઢ તથા મગદલ્લા ગામતળ પાણી પૂરવઠા યોજનાની લોકાપર્ણવિધિ પાણી સમિતિના અધ્યક્ષશ્રી પી.એમ. પટેલના વરદહસ્તે તા. ૧૫–૦૫–૨૦૧૦ ના શનિવારના રોજ સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## અડાજણ ખાતે ભગવાન પરશુરામજી મહારાજ ગાર્ડનમાં "ભગવાન પરશુરામજી મહારાજ" ની પ્રતિમાની અનાવરણવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩૨ (અડાજણ), ફા. પ્લોટ નં. ૮૬ અડાજણ ખાતે આવેલ ભગવાન પરશુરામજી મહારાજ ગાર્ડનમાં "ભગવાન પરશુરામજી મહારાજ"ની પૂર્ણકદની પ્રતિમાની "અનાવરણવિધિ" મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદહસ્તે તા. ૧૬–૦૫–૨૦૧૦, રવિવાર ના રોજ સવારે ૯.૩૦ કલાકે કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) ની કામગીરી

સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનમાં આવેલા ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) સિવીલ હોસ્પિટલ કેમ્પસની પાછળ નહેરની લાગુ સંતોષી નગર ઝુંપડપટ્ટીમાં આવેલ કુલ ૨૯૨ ઝુંપડાનાં કાચા પાકા બાંધકામને દૂર કરવાની કાર્યવાહી આજ રોજ તા.૧૮/૦૫/૨૦૧૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન તરફથી હાથ ધરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વેસ્ટ (રાંદેર) ઝોન ધ્વારા સ્લમ વસાહતમાં રહેતા શહરી ગરીબોને સુરક્ષિત તથા તમામ સુવિધાઓવાળા પાકા મકાન આપવા માટે ફોર્મ વિતરણ તથા ફોર્મ ભરવા અંગે થયેલ કામગીરી

સુરત મહાનગરપાલિકા ધ્વારા તાપી નદી કિનારે આવેલ સ્લમ વસાહતોમાં વસવાટ કરતાં શહેરી ગરીબોને સુરક્ષિત તથા તમામ સુવિધાઓવાળા પાકા મકાન આપવા અંગેની કાર્યવાહીના ભાગરૂપે ફાઈનલ ટી.પી. સ્કીમ નં.૧૦ (અડાજણ) માં અડાજણ પાટીયા પાસે આવેલ તાપી નદીના કિનારે લાગુ વર્ષો જુની બાપુનગર–બોરડી અને જે.પી.નગર–૨ ઝુંપડપટ્ટીના રહેવાસીઓને પાકા મકાન આપવાની કામગીરીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન તરફથી તા.૧૭/૦૫/૧૦ થી તા.૨૨/૦૫/૧૦ સુધી અડાજણ ખાતે ઈશિતાપાર્કની બાજુમાં આવેલ સિનીયર સીટીઝન પર ફોર્મ વિતરણ કરવાની તથા ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૧૫/૦૫/૨૦૧૦ અને તા.૧૭/૦૫/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં તા.૧૫/૦૫/૨૦૧૦ના રોજ રૂંઢ તથા મગદલ્લા ગામતળમાં પાણી પુરવઠા યોજનાની લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા ઝોન ખાતે રૂંઢ તથા મગદલ્લા ગામતળ પાણી પૂરવઠા યોજનાની લોકાપર્ણવિધિ પાણી સમિતિના અધ્યક્ષશ્રી પી.એમ. પટેલના વરદહસ્તે તા. ૧૫–૦૫–૨૦૧૦ ના શનિવારના રોજ સંપન્ન થઈ. આ પ્રસંગે પ્રમુખ સ્થાને મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,અતિથિ વિશેષશ્રીઓ,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ,શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ એસ. અપર્ણા,કમિશનરશ્રી તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.સરસ્વતી સ્કુલના પ્રમુખ રમણભાઈ મકનભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.





સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં ગુજરાત સરકારના જાહેરનામાં અંતર્ગત સને ૨૦૦૬માં પ્રથમ ૮ (આઠ) નગરપાલિકા તથા ત્યારબાદ ૨૭(સતાવીસ) ગામતળનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ગામો પૈકી અમુક ગામોને ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની ચાર જૂથ યોજનામાં અંતર્ગત પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તે પૈકી સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ કુલ – ૧૩ (તેર) ગામોને **GWSSB** ની ડુમસ –૧ તથા ડુમસ–૨ જૂથ યોજના દ્વારા પાણી પૂરવઠો પૂરો પાડવમાં આવે છે.

ઉપરોકત ૧૩ (તેર) ગામોને સુરત મહાનગરપાલિકાનો પાણી પૂરવઠો પુરો પાડવાના હેતુથી " સ્વર્ણિમ જયંતિ" મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાણી પૂરવઠો પૂરો પાડવા માટે એક યોજના તૈયાર કરવામાં આવી હતી. તે મુજબ કુલ રૂા. ૧૭.૧૮ કરોડનાં ખર્ચ થશે. આ યોજના અંતર્ગત ૧૩ (તેર) ગામોને સુરત મહાનગરપાલિકાનો પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવનાર છે. જે પૈકી મગદલ્લા તથા રૂંઢ ગામોને વેસુ–૨ જળવિતરણ મથક ખાતેથી પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવનાર છે. જે કામ પુર્ણ થયેલ છે.

વેસુ ગામને વેસુ–૧ જળ વિતરણ મથક ખાતેથી પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવનાર છે.

વેસુ–૨ જળવિતરણ મથક ખાતેથી ગવિયર–વાંટા, ભીમપોર, સુલતાનાબાદ તથા ડુમસ ગામ સુધી ટ્રાન્સમીશન નળીકા નાંખી પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવનાર છે. અલથાણ જળવિતરણ મથક ખાતેથી ભરથાણા–વેસુ, ભીમરાડ, સરસાણા, ખજોદ તથા આભવા ગામ સુધી ટ્રાન્સમીશન નળીકા નાંખી પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવનાર છે.

રૂંઢ તથા મગદલ્લા ગામને પાણી પૂરવઠો પૂરોપાડવા અંગેની તમામ કામગીર પૂર્ણ કરવામાં આવી છે અને ગામતળના અંદાજે હાલમાં ૭૦૦૦ નાગરિકોને પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવશે. આ ઉપરાંત વેસુ–૨ જળવિતરણ મથકના કમાન્ડ એરીયામાં આવતાં ટી.પી. વિસ્તારને પણ આવરી લેવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનમાં સમાવિષ્ટ બાકી ૧૧ (અગિયાર) ગામો માટે ટ્રાન્સમીશન નળીકા તથા ડીસ્ટ્રીબ્યુશન નળીકા નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. કુલ અંદાજે ૮૦,૦૦૦ વસ્તીને પાણી પૂરવઠો પૂરો પાડવાનું આયોજન છે. અંદાજે ૧૫ **MLD** પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવશે.

મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે રૂંઢ તથા મગદલ્લા ગામતળની પ્રજાને ખારા પાણીની જગ્યાએ મીઠું પાણી આજથી આપવાનું શરૂ કરેલ છે. "સ્વર્ણિમ જયંતિ–૨૦૧૦" ની મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અતર્ગત રૂા.૭૦૦ કરોડની ગ્રાન્ટ મંજુર કરી હતી. જેમાંથી રૂા. ૪૦૦ કરોડની ગ્રાન્ટ સુરત મહાનગરપાલિકા માટે મંજુર કરેલ છે. શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી પાણી પુરવઠા યોજનાની વ્યવસ્થા પુર્ણ કરેલ છે.

અંતમાં આ પ્રસંગે મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીઓ, મીડીયાનાના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

# અડાજણ ખાતે ભગવાન પરશુરામજી મહારાજ ગાર્ડનમાં ''ભગવાન પરશુરામજી મહારાજ'' ની પ્રતિમાની અનાવરણવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર ઝોનમાં ટી.પી. સ્કીમ નં. ૩ર (અડાજણ), ફા. પ્લોટ નં. ૮૬ અડાજણ ખાતે આવેલ ભગવાન પરશુરામજી મહારાજ ગાર્ડનમાં ''ભગવાન પરશુરામજી મહારાજ'' ની પૂર્ણકદની પ્રતિમાની ''અનાવરણવિધિ'' મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના વરદહસ્તે તા. ૧૬–૦૫–ર૦૧૦, રવિવાર ના રોજ સવારે ૯.૩૦ કલાકે કરવામાં આવી હતી.

''ભગવાન પરશુરામજી મહારાજ'' ની પૂર્ણકદની પ્રતિમાનું કદ ૬' ૧'' –ઉંચાઈ, વજન ૩૧૦ કિ. ગ્રા. તેમજ તેમનુ માઘ્યમ પંચધાતું (ગન મેટલ) નું છે. પ્રતિમા બનાવવા પાછળ કુલ ખર્ચ રૂા. ૫,૪૫, ૦૦૦/– નો થયેલ છે.

મહર્ષિ પરશુરામ એક યુગ પુરુષ છે. સત્ય અને ઈષ્ટની સ્થાપના, મનુષ્યત્વનું રક્ષણ અને અસુરત્વનો નાશ એ જ તેમનું જીવન ઘ્યેય હતું. પૃથ્વી પર શાંતી અને સંવાદિતાનું સ્થાપન કરવા જીવનભર તેઓ મથતા રહયા અને આ જ હેતુને પરિપુર્ણ કરવા તેમણે પૃથ્વીને એકવીસવાર નક્ષત્રી કરી. ઋષી જમદગ્નિ અને રેણુકામાતાના આ પુત્ર જામદગ્નેય તથા રામના નામથી જાણીતા હતા. સહસ્ત્રાર્જુન નામના રાજાનો ત્રાસ વધતા તેમણે જનહિતાર્થે ગાયો, સ્ત્રીઓ અને નિર્બળોનું રક્ષણ કરવા પરશુ ધારણ કર્યુ અને એકલે હાથે સબળ રાજા સામે ઝઝુમ્યા તથા જીત્યા. અનુક વર્ષો સુધી તેમના પ્રભાવ હેઠળ આર્યાવર્તમાં શાંતીનું સામ્રાજય સ્થયાયેલુ રહયુ અને શ્રીરામ જેવા દક્ષ, પ્રજાપાલક, ન્યાયપ્રિય ક્ષત્રિયના અવતરણ બાદ તેમણે હિમાલય તરફ ગમન કર્યુ. જનહિતાર્થે ''પરશુ'' ધારણ કરનાર મહર્ષિ જામદગ્નેય જે ''રામ'' ના નામથી વિશેષ જાણીતા હતા તે પરશુરામ તરીકે ઓળખાયા. આમ, અનિષ્ઠ તત્વોના નાશ સાથે સંકળાયેલ આ મહર્ષિ આજના યુગમાં વિશેષ સ્મરણીય છે. શ્રી પરશુરામ અમરત્વ પામેલ છે. જેમણે શ્રી વિદ્યાની દીક્ષા ભગવાનશ્રી દત્તાત્રય પાસે લીધી હતી અને (પરશુરામ–કલ્પસુત્ર) ની રચના કરી. તેઓ શ્રી વિદ્યાના ઉપાસક હતા.

આ પ્રસંગે મા. સાંસદ સભ્ય શ્રીમતી દર્શનાબેન જરદોષ, મા.સાંસદશ્રી રાજયસભા પ્રવિણભાઈ નાયક, મા. ધારા સભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, શહેર ભાજપના પ્રમુખશ્રી પૂર્ણશભાઈ મોદી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, માજી. મ્યુ સભ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા કર્મચારીગણ અને જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) ની કામગીરી

સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનમાં આવેલા ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) સિવીલ હોસ્પિટલ કેમ્પસની પાછળ નહેરની લાગુ સંતોષી નગર ઝુંપડપટ્ટીમાં આવેલ કુલ ૨૯૨ ઝુંપડાનાં કાચા પાકા બાંધકામને દૂર કરવાની કાર્યવાહી આજ રોજ તા.૧૮/૦૫/૨૦૧૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન તરફથી હાથ ધરવામાં આવી હતી. મંજુર પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ સદરહુ કેનાલ પરનાં ૬૦.૦૦ મીટરની પહોળાઈનાં કેનાલ કોરીડોર પરની બી.આર.ટી.એસ. યોજના અંતર્ગત અડચણરૂપ ઝુંપડા દૂર કરવામાં આવેલ છે. સદર કાર્યવાહી સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનનાં સ્ટાફ, લીંબાયત ઝોન, રાંદેર ઝોનનાં સ્ટાફ અને સ્થાનિક લોકોનાં સહકારથી પાર પાડવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનનાં ડે.કમિશનરશ્રી (સ્પે.) પ્રદિપસિંહ જે. ઝાલાનાં માર્ગદર્શન અને કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી.ખાટીવાલાનાં નેતૃત્વ હેઠળ સદર કામગીરી કરવામાં આવી છે. આ કામગીરીથી બી.આર.ટી.એસ. યોજનાની કામગીરી સરળ બનશે.

TOP

## વેસ્ટ (રાંદેર) ઝોન ધ્વારા સ્લમ વસાહતમાં રહેતા શહરી ગરીબોને સુરક્ષિત તથા તમામ સુવિધાઓવાળા પાકા મકાન આપવા માટે ફોર્મ વિતરણ તથા ફોર્મ ભરવા અંગે થયેલ કામગીરી

સુરત મહાનગરપાલિકા ધ્વારા તાપી નદી કિનારે આવેલ સ્લમ વસાહતોમાં વસવાટ કરતાં શહેરી ગરીબોને સુરક્ષિત તથા તમામ સુવિધાઓવાળા પાકા મકાન આપવા અંગેની કાર્યવાહીના ભાગરૂપે ફાઈનલ ટી.પી. સ્કીમ નં.૧૦ (અડાજણ) માં અડાજણ પાટીયા પાસે આવેલ તાપી નદીના કિનારે લાગુ વર્ષો જુની બાપુનગર–બોરડી અને જે.પી.નગર–૨ ઝુંપડપટ્ટીના રહેવાસીઓને પાકા મકાન આપવાની કામગીરીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) તરફથી તા.૧૭/૦૫/૧૦ થી તા.૨૨/૦૫/૧૦ સુધી અડાજણ ખાતે ઈશિતાપાર્કની બાજુમાં આવેલ સિનીયર સીટીઝન પર ફોર્મ વિતરણ કરવાની તથા ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરેલ. જે કામગીરી અન્વયે તા.૧૭/૦૫/૧૦ના રોજ કુલ–૨૨૭ ફોર્મ ભરાયેલ તથા તા.૧૮/૦૫/૧૦ના રોજ કુલ–૬૪૭ ફોર્મનું વિતરણ કરી ફોર્મ ભરવામાં આવેલ.

સદરહું આવાસોના ફોર્મ મેળવવા માટે ઝુંપડાવાસીઓએ ખુબ ઉત્સાહ બતાવેલ જેને લીધે સ્થળ ઉપર ઝુંપડાવાસીઓના ધસારો થયેલ. જેને ધ્યાને લઈ આજથી એટલે કે તા.૧૯/૦૫/૧૦ના રોજથી ટોકન સીસ્ટમ અમલ બનાવેલ. જે અન્વયે આજરોજ કુલ–૭૧૭ ફોર્મનું વિતરણ કરી ફોર્મ ભરવામાં આવેલ છે. જેની આજદિન સુધીમાં કુલ–૧૫૯૧ ફોર્મ ભરવામાં આવેલ છે.

વધુમાં, આજરોજ જેમની પાસે પુરતા પુરાવાઓ નહીં હોય તેમના ફોર્મ ભરવાનો ઈન્કાર કરવામાં આવતા તથા બપોરે આવતી કાલની ટોકનનું વિતરણ કરવાની કામગીરી હાથ ધરાતા બાપુનગર અને જે.પી.નગર ઝુંપડપટ્ટીના અમુક અસામાજીક તત્વોએ લોકોની ઉશ્કરળી કરી ટોકન ન લેવા અને હાલ ચાલતી સીસ્ટમને ખોરવી નાંખવા માટે પ્રયત્ન કરેલ. તેમ છતાં તેને અવગણીને પણ બાપુનગરના રહેવાસીઓ ટોકન લેવા માટે આવ્યા હતા. અને આવતી કાલે એટલે કે તા.૨૦/૦૫/૧૦ના રોજ માટે કુલ– ૭૦૦ ટોકનોનું શાંતિપૂર્વક વિતરણ કરવામાં આવેલ.

TOP

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૧૫/૦૫/૨૦૧૦ અને તા.૧૭/૦૫/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ફાઈનલ ટી.પી.સ્કીમ નં.૩ (કતારગામ)નાં નગીનાવાડીથી કાંસાનગર જંકશન તરફ જતાં ૮૦ ફુટ પહોળા ટી.પી.રસ્તામાં આવેલ મગન વલ્લભની વાડી ઝુંપડપટ્ટીના ૫૦ ઝુંપડાઓ રસ્તામાં નડતરરૂપ હોય દુર કરી જેને વૈકલ્પિક જગ્યા મળવાપાત્ર હોય તેવાં ૩૨ ઝુંપડાઓને મોજે કોસાડ ખાતેના સુરત મહાનગરપાલિકાના ઈ.ડબલ્યુ.એસ.આવાસોમાં સ્થળાંતર કરવામાં આવેલ છે. જેને પરિણામે રસ્તા પૈકીની ૧૨૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા.૧૯/૦૫/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ફાઈનલ ટી.પી.સ્કીમ નં.૧ (લાલદરવાજા) માં આવેલા લાલ દરવાજા જંકશનથી નોર્થઝોન(કતારગામ) કચેરી તરફ જતાં ૧૫૦ ફુટ પહોળા રીંગરોડવાળા રસ્તા પૈકીમાં નડતરરૂપ પટેલવાડી નં. ૧,૨ અને ૩ ઝુંપડપટ્ટીના ઝુંપડાઓ પૈકી ૩૦ ઝુંપડાઓને મોજે કોસાડ ખાતેના સુરત મહાનગરપાલિકાના ઈ. ડબલ્યુ. એસ. આવાસોમાં વૈકલ્પિક જગ્યા આપી સ્થળાંતર કરવામાં આવેલ છે અને કેટલાક ઝુંપડાવાસીઓ સ્વૈચ્છિક રીતે હાલમાં ખાલી કરી રહયા છે.

TOP